અપીલ અરજી નં.૨૫ તા.૧૫-૪ -૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૩–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં ટોરેન્ટ પાવર લી. કંપનીના જે ૫ હજારથી ઉપર ખુણા–ખાંચાના વિસ્તાર, મહોલ્લા, શેરી, મેઈનરોડ પર તથા જાહેર માર્ગ પર બસબાર (ઈલેકટ્રીક બોક્ષ) કાયમી ધોરણે ગોઠવવામાં આવેલ છે તેની સંખ્યાની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૫/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૩–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં ટોરેન્ટ પાવર લી. કંપનીના જે ૫ હજારથી ઉપર ખુણા–ખાંચાના વિસ્તાર, મહોલ્લા, શેરી, મેઈનરોડ પર તથા જાહેર માર્ગ પર બસબાર (ઈલેકટ્રીક બોક્ષ) કાયમી ધોરણે ગોઠવવામાં આવેલ છે તેની સંખ્યાની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતિ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ /૧૮૭૩ તા.૨૨–૩–૧૧ થી આપેલ માહિતી અસત્ય અને બોગસ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળના બોક્ષ મુકવા કોઈ જોગવાઈ ભાડા–ફી વસુલાતની છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૧ તા.૨૭–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં સેન્ટ્રલ ઝોન સિવાયના જાહેર માહિતિ અધિકારી ઝોનને અરજી કરેલ –મોકલેલ કે સેન્ટ્રલઝોન કક્ષાએથી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તેની વિગત મોકલવા તથા વધુમાં અપીલ સાથેની તેમની રજુઆતના ધ્રિતિય ફકરામાં કરેલ ભાષા પ્રયોગ ઔચિત્ય પુર્ણ નથી. સરકારી કે જાહેર કચેરી સાથેના પત્ર વ્યવહારમાં નાગરિક પક્ષે પણ ગરિમાપુર્ણ પત્ર વ્યવહાર આવકાર્ય છે. તે પરત્વે પણ તેમનું ધ્યાન દોરી સુચિત કરતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક પત્રમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજી તબદીલ થયા અંગેની કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. પરંતુ તે પત્રમાં અપીલમાં જણાવેલ વિગતો હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૩–૩–૧૧ ની અરજીથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટોરેન્ટ્ર પાવર કંપનીના ઈલેકટ્રીક બોક્ષ અંગેની માહિતી માંગતી અરજી કમિ.શ્રી, જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા સેવાસદનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૮૭૩ તા.૨૨–૩–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં ટોરેન્ટ પાવર લી. કંપનીના જે ૫ હજારથી ઉપર ખુણા–ખાંચાના વિસ્તાર, મહોલ્લા, શેરી, મેઈનરોડ પર તથા જાહેર માર્ગ પર બસબાર (ઈલેકટ્રીક બોક્ષ) કાયમી ધોરણે ગોઠવવામાં આવેલ છે તેની સંખ્યાની માહિતીની નકલ. (૨) સદર ઈલેકટ્રીક બોર્ડ (બસબાર ચેમ્બર્સ) નું કેટલું ભાડુ વસુલવામાં આવેલ છે જે ભાડાની રકમની માહિતીની નકલ. (૩) આ ભાડુ શહેર વિકાસ વિભાગમાં આજ સુધી ભરપાઈ થયેલ રકમની નકલ. (૪) સદર બસબાર ચેમ્બર્સ ગેરકાયદેસર હોય ને ભાડુ વસુલવામાં આવ્યું ન હોય તો તેને દુર કરવા અંગેની માહિતીની નકલ. ઉકત મુદ્દા નં.૧ થી ૪ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપર માંગ્યા મુજબની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર માહિતી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી સ્થળ તપાસ કર્યા વગર આંધળા હોય તે પ્રમાણે તદ્દન અસત્ય, બોગસ અને ખોટી માહિતી અરજદારને પાઠવેલ છે. તથા અન્ય સુરત મહાનગરપાલિકાના ઝોનલચીફ અને કાર્યપાલક ઈજનેરશ્રીએ અરજદારને ઉપરોકત માહિતી પૂરી પાડેલ નથી જેનાથી નારાજ અને અસંતુષ્ટ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારે અપીલ સાથે સંબધિત આધાર આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળની અપીલમાં આરટીઆઈના નિયમ–૬ અન્વયે રજૂ કરવાના રહે છે. તેમ છતાં અપીલ તબકકે પણ અરજદારને પત્ર પાઠવી અન્ય ઝોનમાં અરજી કર્યાના કે તબદીલ થયા અંગેના પત્રની વિગતો માંગવા છતાં અરજદારે અપીલ તબકકે પણ આવા પુરાવા રજૂ કરવાથી અપીલનો નિકાલ થવાનો નથી તેવું જણાવી વિગતો પૂરી પાડેલ નથી. વધુમાં અરજદારે અપીલમાં સ્થળ તપાસ કરીને માહિતી મેળવવાનો આગ્રહ રાખેલ છે જે કાયદાની જોગવાઈ કલમ–૨(એફ) તથા ૨(જે) સાથે સુસંગત નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી દફતરી

ઉપલબ્ધ ન હોવાનું અરજદારને જણાવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પરંતુ પ્રસ્તુત કિસ્સામાં ઈલેકટ્રીક બોક્ષ મુકવા કે તેવી જગ્યાનું ભાડું વસુલ લેવા બાબતે કોઈ નીતિ અમલી છે કે કેમ? તેની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પડાયેલ છે. તેમ છતાં અરજદારે માંગેલ માહિતી જાહેર નીતિ સાથે પણ સંકળાયેલ હોવાનું તથા તે રીતે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની ગણી શકાય. તે ધ્યાને લેતાં આવા બોક્ષ મુકવા કે ભાડા વસુલી બાબતે કોઈ નીતિ અમલમાં છે કે કેમ? તે અંગેની હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા